॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ ॥ નમો નાણસ્સ ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakwashi Jain Mahasangh, Mumbai

સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૦૭-૦૮-૨૦૧૬** • સમયઃ બપોરે ૨.૦૦ થી ૫.૦૦ • **શ્રેણી : ૬** • ગુણ : ૧૦૦

**( Dharmik Shikshan Board Certificate Course Level : 6 )**

**પ્રશ્ન - ૧ : સામાયિક પ્રતિક્રમણના આધારે** ૧૦

(ક) ટૂંકમાં જવાબ આપો :

(૧) ઉતાવળમાં વિધિ વિના ઉપયોગહીન દશામાં પૂંજે તેને શું કહેવાય ? (૧)

(૨) કયા શ્રાવક ગોચરી કરવા જઈ શકે ? (૧)

(૩) પહેલા, બીજા અને ત્રીજા શ્રમણ સૂત્રનો કાયોત્સર્ગ ક્યારે કરાય ? (૩)

(૪) સાધુ અને શ્રાવક સરખા પચ્ચક્ખાણ ક્યારે કરે ? (૧)

(૫) પ્રતિક્રમણ કેટલા બોલનું અને કેટલા દોષ ટાળીને કરાય ? (૧)

(૬) ખળાએ, ધ્રીઠાએ, આપથાપના, પરઉથાપના, મમતે શબ્દો સમજાવો. (૩)
આ શબ્દ કયા પાઠમાં આવે છે ?

(ખ) નીચના પાઠની પૂર્તિ કરો (કોઈ પણ પાંચ) ૧૦

(૧) ચત્તારી અણુપ્પેહા પન્નતા તં જહા .......... આ ધર્મધ્યાનનો સૂત્રપાઠ કહ્યો.

(૨) કંદપ્પે .......... એહવા આઠમાં વ્રત

(૩) પંદર કર્માદાનમાંથી છેલ્લા ૪ કર્માદાન લખો.

(૪) જાવંતિકેઈ સાહુ .......... તે સવ્વે

(૫) જં વાઈધ્ધં .......... વિણયહીણં

(૬) ખામેમિ .......... પડિક્કમામિ

(ગ) નીચેના શબ્દોના અર્થ લખો (કોઈ પણ દસ) ૫

૧) સવ્વં ૨) ધમ્મ સારહીણં ૩) ભેસક્ષેણં ૪) કુવિય ૫) દારા ૬) બંધે
૭) કંતં ૮) સાંશયિક મિથ્યાત્વ ૯) મોસોવએસે ૧૦) પરપાસંડ સંથવો ૧૧) આમોસે

(ઘ) નીચેના શબ્દો માગધી ભાષામાં લખો (મૂળ પાઠ) (કોઈ પણ પાંચ) ૫

(૧) ગ્રહણ કરેલી હોય (૨) કુચેષ્ટા કરી હોય (૩) રાજ્ય વિરુદ્ધ દાણચોરી આદિ કરી હોય
(૪) ત્રણ પ્રકારની (૫) પાથરીને (૬) નહિ કરવા વડે

**પ્રશ્ન - ૨ : ટૂંકમાં જવાબ લખો :** ૭

(૧) શ્રાવકને શ્રમણોપાસક શા માટે કહેવાય ? (૧)

(૨) શ્રાવકનાં વ્રત્ત, મનોરથ, ગુણસ્થાનક અને અભિગમની સંખ્યા લખો. (૧)

(૩) આનંદશ્રાવકને શું પ્રાપ્ત થયું ? તેમાં કોને શંકા થઈ ? (૧)

(૪) <u>ખાલી જગ્યા પૂરો :</u> (૨)

.......... થી પદાર્થ જાણવો ..........થી તેના પર શ્રદ્ધા કરવી........થી આચરણ કરવું.
.......... પૂર્વે બાંધેલા કર્મોનો નાશ કરવો.

(૫) <u>જોડકાં જોડો :</u> (૨)

| | |
|---|---|
| ૧) સોનું ખરીદવા સમાન | ૧) પરભવમાં સાથે આવે. |
| ૨) હીરા ખરીદવા સમાન | ૨) પરભવમાં સાથે ન આવે. |
| ૩) શ્રાવકપણું | ૩) શ્રાવકધર્મ |
| ૪) શ્રાવક ધર્મની આરાધના | ૪) સાધુ ધર્મ |

(પાછળ જુઓ)

**પ્રશ્ન - ૩ : નવ તત્ત્વના આધારે જવાબ લખો :**

(ક) જોડકાં જોડો ૧૦

| (A) | (B) |
|---|---|
| ૧) તત્ત્વ | ૧) વસ્તુનું સાચું સ્વરૂપ સદાકાળ હોવાપણું |
| ૨) જીવ તત્ત્વ | ૨) શુભ કર્મની કમાણી શુભ કર્મસંચય સુખની અનુભૂતિ |
| ૩) અજીવ તત્ત્વ | ૩) આત્મરૂપી તળાવમાં કર્મરૂપી પાણીની ઇન્દ્રિયરૂપી છિદ્રથી થતી આવક |
| ૪) પુણ્ય તત્ત્વ | ૪) બાર પ્રકારના તપથી આત્મપ્રદેશથી કર્મનું દૂર થવું. |
| ૫) પાપ તત્ત્વ | ૫) આત્મા અને કર્મ ક્ષીર અને નીરની જેમ એકમેક થાય. |
| ૬) આશ્રવ તત્ત્વ | ૬) ચૈતન્ય રહિત - જડ |
| ૭) સંવર તત્ત્વ | ૭) સકળ બંધનથી સકળ કર્મથી આત્મ પ્રદેશનું મુક્ત થવું. |
| ૮) નિર્જરા તત્ત્વ | ૮) અશુભ કર્મની કમાણી કરી કડવા ફળ દુઃખની અનુભૂતિ |
| ૯) બંધ તત્ત્વ | ૯) ચૈતન્ય લક્ષણ સુખદુઃખનો જાણ કર્મનો કર્તાહર્તા ભોક્તા |
| ૧૦) મોક્ષ તત્ત્વ | ૧૦) ઇન્દ્રિયરૂપી છિદ્રને વ્રતનિયમ દ્વારા કર્મરૂપી પાણીને આવતું રોકવું. |

**(ખ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (કોઈ પણ દસ)** ૧૦

(૧) નરકની વ્યાખ્યા લખો.
(૨) અકર્મ ભૂમિ કોને કહેવાય ?
(૩) વર્ણ, ગંધ, રસ, સંઠાણની સંખ્યા લખો.
(૪) શુભ-ઉત્તમ સંઘયણ અને સંઠાણના નામ લખો.
(૫) થીણર્દ્ધિનિંદ્રા એટલે શું ?
(૬) એકત્વ ભાવના અને અશુચિ ભાવના કોણે ભાવી ?
(૭) શૂચિ કુસગ્ગ કરે તે સમજાવો.
(૮) આભ્યંતર તપ એટલે શું ?
(૯) વિનય તપ વિશે સમજાવો.
(૧૦) જીવ કયા કારણથી મોક્ષમાં જાય?
(૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધા કોને કહવાય ? ઉદાહરણ આપો.

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)** (૧૦

(૧)વ્યવહારિક જીવનમાં પુણ્ય અને પાપને જાણીને શું કરશો?
(૨) પાપ તત્વમાં ૮ કમની પ્રકૃતિની ફક્ત સંખ્યા લખો.
(૩) વજ્રાઋષભનારાચ સંઘયણ સમજાવો.
(૪) અનુપૂર્વી એટલે શું ? અંતરાય કર્મના ઉદયે થતી પ્રકૃતિનાં નામ લખો.
૫) ૨૫ ક્રિયામાંથી કોઈ પણ ત્રણ ક્રિયા સમજાવો.
(૬) અનુભાગ બંધ વિશે જણાવો-લાડવાના દૃષ્ટાંત સહિત સમજાવો.
૭) કેટલા ભેદે સિદ્ધ થાય ? તેમાંથી પ્રથમ છ ભેદ લખો.

**(ઘ) નવ તત્વના આધારે કોઠો બનાવો.:**

(૧) ક્રમ, તત્વ, રૂપી, અરૂપી, હેય, જ્ઞેય, ઉપાદેય (૩) ૫
(૨) જઘન્ય ........ અવગાહનાવાળો, ઉત્કૃષ્ટ........અવગાહનાવાળો જઘન્ય........વર્ષનો, (૨)
ઉત્કૃષ્ટ ........ વર્ષના આયુવાળો કર્મભૂમિનો મનુષ્ય મોક્ષે જાય.

**પ્રશ્ન - ૪ : આગમને આધારે જવાબ લખો (કોઈ પણ ૪)** ૮

૧) ૩૨ આગમને કેટલા વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. માત્ર સંખ્યા.
૨) આચારાંગ સૂત્રમાં શેનું વર્ણન આવે છે ? તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક ?
૩) ભગવતી સૂત્રમાં કેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે ? મુખ્ય નામ કોના આવે છે ?
૪) પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન શેમાં આવે ? ૧૦ શ્રાવકનો અધિકાર શેમાં આવે ?
૫) કયા આગમના પાઠથી વડી દીક્ષા દેવાય છે ? નંદીસૂત્રમાં શેનું વર્ણન આવે છે ?
૬) પુષ્ફિયામાં શેનું વર્ણન આવે છે ?

**પ્રશ્ન - ૫ : કથાના આધારે જવાબ લખો (કોઈ પણ પાંચ)** ૧૦

૧) ગુણશીલ ઉદ્યાનમાં ભગવાને શું ઉપદેશ આપ્યો ?
૨) મેઘકુમારને દીક્ષા આપ્યા પછી મુનિધર્મની શું મર્યાદા ભગવાને બતાવી ?
૩) વિજય રાજાએ મૃગાવતી રાણીને શું સમજાવ્યું ?
૪) ઈકાઈ રાઠોડ વિશે ટૂંકમાં જણાવો.
૫) ઇન્દ્રે દીક્ષિત થયેલા દશાર્ણભદ્ર રાજાને શું કહ્યું ?
૬) ઇન્દ્રે શા માટે વૈક્રિયશક્તિ કામે લગાડી ?
૭) ઈકાઈના ભવનું પાપ ......રૂપે જન્મ હાથીના ભવનું પુણ્ય......રૂપે જન્મ.

**પ્રશ્ન - ૬ : કાવ્ય વિભાગ :** ૧૦

૧) બુધ્યા વિનાપિ ........ સહસા ગ્રહીતુમ
૨) મત્વેતિનાથ .......... નનૂદ બિંદુ
૩) એક માસ સંથારે .......... ગયા ભગવંત ઈણ અઢી દ્વીપમાં .......... તરણનો ઠામ.